W-69552

# વિક્રમચરિત્ર

**नम्र सूचन**
इस ग्रन्थ के अभ्यास का कार्य पूर्ण होते ही नियत समयावधि में शीघ्र वापस करने की कृपा करें. जिससे अन्य वाचकगण इसका उपयोग कर सकें.

લેખક
શ્રી દેવેન્દ્ર મુનિ શાસ્ત્રી

आ.श्री कैलाससागर सूरि ज्ञान मंदिर
श्री महावीर जैन आराधना केन्द्र, कोबा
सा क.

શ્રી લક્ષ્મી પુસ્તક ભંડાર : ગાંધી માર્ગ : અમદાવાદ.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

'Vikram Charitra' by Shree Devendra Muni
Translated from Hindi by Shree Chandrakant Amin
Price : Rs 2-25

*Serving JinShasan*
029052
gyanmandir@kobatirth.org

પ્રકાશક :
શ્રી ધનરાજભાઇ ઘાસીરામ કોઠારી
શ્રી લક્ષ્મી પુસ્તક ભંડાર,
ગાંધી માર્ગ, અમદાવાદ-૧.

(C) શ્રી લક્ષ્મી પુસ્તક ભંડાર

પ્રથમ આવૃત્તિ, ૧૯૮૧

કિંમત રૂા. ૨-૨૫

મુદ્રક :
માનવ રોજગાર કાર્યાલય,
એ. ૭ જે. કે. એસ્ટેટ
રૂસ્તમ મિલ સામે,
અમદાવાદ.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

## ૨૧

# વિક્રમચરિત્ર અને શુભમતી

એક વાર રાજા વિક્રમાદિત્ય અને રાણી સુકોમલા રંગમહેલમાં બેઠાં હતાં, તે સમયે રાજકુમાર વિક્રમચરિત્ર માતા-પિતાને સવારના વંદન કરવા તેમની પાસે આવ્યો. પુત્રના માથા પર હાથ રાખતાં રાણી સુકોમલાએ આશીર્વાદ આપ્યા—

'પુત્ર ! તારા પિતાની જેમ ઉત્તમ ચરિત્ર ધારણ કરીને તેમના દ્વારા રાખવામાં આવેલા 'વિક્રમચરિત્ર' નામને સાર્થક કર. મારા આશિષ છે.'

રાણીની વાત સાંભળીને રાજા વિક્રમાદિત્યે કહ્યું—

'પ્રિયે ! વિક્રમચરિત્રને મેળવીને અવન્તી પણ ધન્ય થઇ ગઇ છે. તેના ગુણો અને સાહસથી તેણે શું નથી કરી બતાવ્યું ? હવે તો હું તરત જ તેનાં લગ્ન કરવા માગું છું.'

રાણી સુકોમલાએ કહ્યું—

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

'સ્વામી ! તમે તો મારા મનની જ વાત છીનવી લીધી. આ વાત મારા મનમાં પણ ઉદ્‌ભવી હતી.'

'પ્રિયે ! લગ્ન તો હું આજે કરી દઉં, પરંતુ રાજ-કુમાર વિક્રમચરિત્રને બધી રીતે યોગ્ય, તેના જેવી રુપ અને ગુણવાળી કોઇ રાજકન્યા નથી મળી. સિંહને સિંહણ જ મળવી જોઇએ. રાજકન્યાની શોધમાં મેં મંત્રીઓને ચારેય દિશામાં મોકલ્યા હતા. પરંતુ પાછા ફરીને બધાએ એ જ જણાવ્યું કે રાજકુમારને અનુકૂળ કોઇ રાજકન્યા ના મળી.'

સુકોમલાએ રાજાને કહ્યું—

'સ્વામી ! એમાં નિરાશ થવાની કયાં જરૂર છે ? લગ્ન પહેલાં મારા પિતા રાજા શાલિવાહન પણ એ જ વિચારતા હતા કે મારી પુત્રી નરદ્વેષિણી છે. તેથી તેના માટે કોઈ વર આ પૃથ્વી પર નથી. તે સદાય કુંવારી જ રહેશે. પરંતુ મારા ભાગ્યમાં તમારા ચરણોની સેવા લખી હતી, તેથી મેં તમને મેળવી લીધા. તેથી વિધાતાએ કોઇ ને કોઇ કન્યા માટે વિક્રમચરિત્રને જન્મ આપ્યો હશે. સમય આવશે ત્યારે અનુકૂળ રાજકુમારી જરૂરથી મળી આવશે.'

રાજાએ કહ્યું-

'પ્રિયે તું સાચું કહે છે. બધું જ ભાગ્યને અધીન છે. પરંતુ ભાગ્ય ભોગવવા માટે પ્રયત્ન રૂપી નિમિત્તની જરૂર છે. તારે માટે પણ મારે ભગીરથ પ્રયત્ન કરવો પડયો હતો. ભાગ્ય પણ પુરૂષના ચરણોમાં જ ગતિ કરે છે. તેથી વિક્રમ-

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ચરિત્રને માટે પણ હું જાતે જ કોઇ કન્યાની શોધ કરીશ.'

આ રીતની રાણી સુકોમલા સાથે વાતો કરીને રાજા વિક્રમાદિત્ય રાજસભામાં પધાર્યા. તેમણે મંત્રીઓને કહ્યું–

'મંત્રીઓ ! બધી દિશાઓમાં ફરવા છતાં પણ રાજ–કુમાર વિક્રમચકિત્રને અનુકૂળ રાજકન્યા ના મળી તેથી હું જાતે જ રાજકન્યાની શોધ કરવા જઇશ. મારી પાછળ તમે લોકો રાજ–વ્યવસ્થા સંભાળજો.'

રાજાનું વાકય સાંભળ્યા પછી મંત્રી ભટ્ટમાત્રે કહ્યું–

'રાજન ! આ નાના સરખા કાર્ય માટે તમારે તસ્દી લેવાની કોઈ જરૂર નથી. તમે અહીં જ રહો. હું રાજકન્યાની શોધ કરવા જઇશ અને આશા છે કે સફળ થઈને જ આવીશ.'

ભટ્ટમાત્રના પ્રસ્તાવને રાજાએ સહર્ષ સ્વીકારી લીધો. રાજાની આજ્ઞાથી વિશાળ ચતુરંગી સેના લઇને ભટ્ટમાત્ર વિક્રમચરિત્રને માટે રાજકન્યા શોધવા નીકળ્યા. અનેક દેશોમાં ફર્યા પછી ભટ્ટમાત્રે એક જગ્યાએ પડાવ નાખ્યો અને હવે આગળ કયાં જવું છે, તે બાબત પર વિચાર કરવા લાગ્યા.

સૌરાષ્ટ્ર દેશના રાજા મહાબળનો રાજ પુરોહિત એક ભટ્ટ બ્રાહ્મણ ત્યાંથી પસાર થયો તો આટલી મોટી ચતુરંગી સેના જોઇને ચકિત થયો. ભટ્ટ બ્રાહ્મણે પૂછ-પરછ કરતાં

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ખબર પડી તો વધારે વિસ્મય પામ્યો. તેણે વિચાર્યું-

'જ્યારે અવંતીના મંત્રીની આટલી મોટી સેના છે, તો અવંતીના રાજાની કોણ જાણે કેટલી મોટી હશે સેના !'

ભટ્ટના મનમાં મહામાત્ય ભટ્ટમાત્રને મળવાની ઇચ્છા થઈ અને તે તેમના પડાવ પર પહોંચ્યો. અભિવાદન કરીને ભટ્ટ બ્રાહ્મણે મહામંત્રી ભટ્ટમાત્રને પૂછ્યું-

'હે મહાભાગ ! તમે કયા રાજા પર ચઢાઈ કરવા જાઓ છો ? એવો કયો રાજા છે જેણે અવન્તી સામે આંખ ઊઠાવી ?'

ભટ્ટના પ્રશ્નનો ઉત્તર આપતાં મંત્રી ભટ્ટમાત્રે કહ્યું-

'હે વિપ્ર ! કારણ વગર કોઇની સાથે યુદ્ધ કરવું એ અમારો ધર્મ નથી. દેશની રક્ષા અને દુષ્ટોના દમન માટે જ અમે યુદ્ધ કરીએ છીએ. આ સમયે અમે અવંતીના રાજકુમાર વિક્રમચરિત્ર માટે રાજકન્યાની શોધ કરવા દેશ દેશાન્તરોમાં ફરી રહ્યા છીએ. અમારા રાજકુમાર રૂપમાં સાક્ષાત કામદેવ, બુદ્ધિમાં દેવગુરૂ બૃહસ્પતિ અને પરાક્રમમાં સ્વામી કાર્તિકેય જેવા છે. તેમનું સાહસ જોઇને દેવતા પણ ડરે છે. ઘણી શોધ કરવા છતાં તેમના માટે બધી રીતે અનુકૂળ રાજકન્યા હજુ સુધી મળી નથી.'

ભટ્ટમાત્રનું વાકય સાંભળીને ભટ બ્રાહ્મણે કહ્યું-

'મંત્રીશ્વર ! દિવ્ય રૂપ અને અનુપમ ગુણોથી ભરેલી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

એક કન્યા મારી નજરમાં છે. મને તો એવું લાગે છે કે તે કન્યા અને તમારા રાજકુમારનો જન્મ એક-બીજાને માટે જ થયો છે. જેવી રીતે તમને રાજકુમાર વિક્રમચરિત્રને માટે અનુકૂળ કન્યા નથી મળી. તેવી રીતે તે કન્યાના પિતાને તેના માટે અનુકૂળ વર નથી મળ્યો. રાજાના મંત્રી અત્યારે પણ તેના માટે વરની શોધમાં ગયા છે.'

ખુશ થઈને ભટમાત્રે ભટ બ્રાહ્મણને પૂછ્યું–

'હે વિપ્ર ! તે કન્યા કયા દેશની અને કયા રાજાની પુત્રી છે ?'

ભટ બ્રાહ્મણે જણાવ્યું–

'મંત્રીશ્વર ! સૌરાષ્ટ્ર દેશમાં વલ્લભીપુર નામનું એક શ્રીસમ્પન્ન અને શોભાશાળી નગર છે. મહાબળવાન અને પરાક્રમી મહાબળ નામનો રાજા ત્યાં શાસન કરે છે. મહાબળની રાણી વીરમતીની કૂખે જન્મેલી રાજા મહાબળની કન્યા શુભમતી અત્યંત સુંદર અને ગુણોનો ભંડાર છે. તે સાથે જ તે બધી જ વિદ્યાઓમાં પારંગત છે તથા ધર્મમાં પણ તેની પૂરેપૂરી નિષ્ઠા છે. ધર્મનિષ્ઠ, વિદ્યાવતી અને રુપવતી શુભમતી સાથે લગ્ન કરવા માટે અનેક રાજપુત્રો આતુર રહે છે. પરંતુ રાજા મહાબળને હજુ સુધી કોઈ પણ વર શુભમતી માટે પસંદ આવ્યો નથી. રાજા મહાબળના મંત્રી અત્યારે પણ તપાસમાં ગયા છે.'

ભટ્ટ બ્રાહ્મણનું વાકય સાંભળી મહામંત્રી ભટમાત્ર

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પાછા અવંતી આવ્યા અને રાજા વિક્રમાદિત્યને ભટબ્રાહ્મણે કહેલો સંપૂર્ણ અહેવાલ સંભળાવ્યો. રાજા વિક્રમાદિત્યે ભટમાત્રને કહ્યું-

'મંત્રીશ્વર ! તમે તરત જ વલ્લભીપુર જાવ અને ત્યાંના રાજા મહાબળને મળીને કુમાર વિક્રમચરિત્રનાં લગ્ન રાજકન્યા શુભમતીની સાથે નક્કી કરો.'

રાજાની આજ્ઞા મળતાં થોડા સુભટોને સાથે લઈ ભટમાત્ર વલ્લભીપુર પહોંચ્યા અને રાજા મહાબળને મળીને કુમાર વિક્રમચરિત્રના રૂપ-ગુણનાં વખાણ કરતાં કહ્યું-

'રાજન ! તમારી કન્યા અમારા કુમાર માટે સર્વથા અનુકૂળ છે. તેથી બંનેનાં લગ્ન તમે નક્કી કરી નાખો.'

બધી વાત સાંભળ્યા પછી રાજા મહાબળે કહ્યું—

મંત્રીશ્વર ! રાજકુમાર વિક્રમચરિત્રને મારા જમાઇ બનાવીને મને ઘણો જ આનંદ થશે. શુભમતી માટે હું પણ એક યોગ્ય વરની શોધમાં હતો. તેના ભાગ્યથી મને ઘેર બેઠાં વર મળી ગયો. તેથી તમે પણ મારી કન્યા શુભમતીને જોઇ લો. ત્યાર પછી લગ્ન નક્કી થઇ જશે.'

ભટમાત્રે શુભમતીને જોઇ તો જોતાં જ દંગ થઈ ગયા. તેનું રૂપ દેવાંગનાઓને પણ શરમાવે તેવું હતું. કન્યાના ગુણ-શીલ અને રૂપથી પરમ સંતોષ માનીને ભટમાત્રે કહ્યું-

'રાજન ! આ જોડી તો વિધાતાએ જ મેળવી છે. તમે તરત જ લગ્ન નક્કી કરીને લગ્નનું મુહૂર્ત કઢાવો.'

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

રાજા મહાબળે અનેક જ્યોતિષીઓને બોલાવ્યા અને બંનેના લગ્નનું શુભ મુહૂર્ત કાઢવા માટે કહ્યું. જ્યોતિષીઓ વર-કન્યાના જન્માક્ષર અનુસાર લગ્નનું મુહૂર્ત કાઢવામાં લાગી ગયા.

થોડા રાજપુરૂષોની સાથે રાજા મહાબળનો મંત્રી રાજકન્યા શુભમતી માટે વર નક્કી કરવા ગયો હતો. જે વખતે જ્યોતિષીઓ વિક્રમચરિત્ર અને શુભમતીના લગ્નનું મુહૂર્ત જોઇ રહ્યા હતા, તે વખતે તે મંત્રી રાજદરબારમાં આવ્યો અને રાજા મહાબળને કહ્યું–

'મહારાજ ! સપાદલક્ષ દેશમાં અત્યંત સુંદર શ્રીપુર નામનું નગર છે. શ્રીપુરના રાજા ગજવાહનનો પુત્ર ધર્મધ્વજ બહુ જ સુંદર અને વિદ્યાવાન છે. બધી રીતે અનુકૂળ જોઇને હું રાજકન્યા શુભમતીનાં લગ્ન રાજપુત્ર ધર્મધ્વજની સાથે નક્કી કરીને આવ્યો છું. આવતી દશમીએ લગ્નનું મુહૂર્ત નીકળ્યું છે. તમે લગ્નની તૈયારીઓ કરાવો. દશમીના એક દિવસ પહેલાં રાજા ગજવાહન ધર્મધ્વજની જાન લઇને અહીં આવશે.'

મંત્રીનું વાકય સાંભળી રાજા મહાબળ અને ભટ્ટમાત્રનું મોં ઉતરી ગયું. જ્યોતિષીઓએ પંચાંગ બંધ કરીને મૂકી દીધાં. ઉદાસ થઇને રાજા મહાબળે ભટ્ટમાત્રને કહ્યું–

'મહામંત્રી ! આપણે કંઇક વિચારીએ અને કુદરત કંઇક કરે છે. આ તો વિધિની વિચિત્રતા છે. હું કેવા

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ધર્મસંકટમાં ફસાઈ ગયો. એક તરફ મંત્રીના બોલનો પ્રશ્ન છે અને બીજી બાજુ એ પણ ખ્યાલ છે કે હાથમાં આવેલો વર જતો રહેશે.

'મંત્રીશ્વર ! કન્યાને જન્મ આપવો એ દુઃખ વધારનાર છે. બીજાના ઘરની શોભા એવી કન્યાનાં લગ્નની ચિંતાથી માતા-પિતા કેટલાં દુઃખી થાય છે. કન્યાનો જન્મ થતાં માતા—પિતાના મનમાં એક મહાન ચિંતા ઊભી થઈ જાય છે. કન્યા કોને આપવી અને કોને ત્યાં એ સુખ મેળવી શકશે ? તેથી કન્યાના પિતા થવું જ દુઃખદ છે.'*

મૂળ વાત પર આવતાં રાજા મહાબળે મહામાત્યને ફરીથી કહ્યું-

'મહામંત્રી ભટમાત્ર ! મારા મંત્રી રાજા ગજવાહનના પુત્ર ધર્મધ્વજની સાથે શુભમતીનું લગ્ન નક્કી કરી આવ્યા છે.

'આગામી દશમીએ તે લોકો જાન લઈને અહીં આવશે. આ દશામાં મારૂં કર્તવ્ય એ છે કે વરની સાથે કન્યાનું લગ્ન નિશ્ચિત થઇ ચૂકયું છે, તેની સાથે કરવું. તેથી કુમાર વિક્રમચરિત્ર માટે તમે બીજી રાજકન્યાની તપાસ કરો.

* જાતેતિ ચિંતા મહતીતિ શોકઃ,
કસ્ય પ્રદેયેતિ મહાન્ વિકલ્પઃ ।
દત્તાસુખં સ્થાસ્યતિ વાનવેતિ,
કન્યાપિતૃત્વં કિલ હંત ! કષ્ટમ્ ॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

'મંત્રીશ્વર ! તમે પોતે જ વિચારવંત છો અને એક મોટા દેશના મહામંત્રી છો. તેથી મારી લાચારીને ધ્યાનમાં રાખી બીજું કાંઈ ન વિચારતા. એવી મારી આશા છે.'

રાજા મહાબળનું વાકય સાંભળી ભટમાત્રે કહ્યું–

'રાજન ! એમાં તમારો શો દોષ છે ? બનવાકાળ એવો હતો. તમે ખુશીથી રાજકુમારી શુભમતીનું લગ્ન રાજકુમાર ધર્મધ્વજ સાથે કરો. અમે કુમાર વિક્રમચરિત્ર માટે બીજી કન્યા શોધી લઈશું.'

ભટમાત્રના વિચારથી રાજા મહાબળ બહુ જ પ્રસન્ન થયા. મનમાં ને મનમાં તેમણે વિચાર કર્યો–

'જેવી રીતે હાથમાં રહેલાં ફૂલ બંને હાથોને સુવાસિત કરે છે, તેવી રીતે ઉદાર ચિત્તવાળા પુરુષ અનુકૂળ પ્રતિકૂળ બંને પ્રકારની વ્યકિતઓ સાથે સરખો વ્યવહાર કરે છે.'

રાજા મહાબળ પાસેથી વિદાય લઈ ભટમાત્ર અવંતીમાં આવ્યા અને અવંતીપતિ રાજા વિક્રમાદિત્યને બધો અહેવાલ સંભળાવ્યો. રાજા વિક્રમાદિત્ય કશું કહે તે પહેલાં જ એક મંત્રીએ કહ્યું–

'રાજન ! અત્યંત સાહસી અને વિદ્યાચતુર પરમ પરાક્રમી કુમાર વિક્રમચરિત્ર હોવા છતાં શુભમતી જેવી દિવ્ય સુંદરીનાં લગ્ન કોઈ બીજા રાજપુત્રની સાથે નહીં થાય. આપણે એવું કયારેય નહીં થવા દઈએ, કારણ કે આ તો

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

અવંતીની પ્રતિષ્ઠાનો પ્રશ્ન છે.'

મંત્રીનું વાકય સાંભળી રાજા વિક્રમાદિત્યે કહ્યું–

'મંત્રી ! આવેશમાં કરવામાં આવેલો નિર્ણય ન્યાયપૂર્ણ નથી હોતો. જો આપણે કોઈ કન્યા હોત તો આવી સ્થિતિમાં આપણે પણ એવું જ કરત, જે રાજા મહાબળે કર્યું છે. આ કાર્યમાં જબરજસ્તી કરવી અનીતિ પૂર્ણ છે. અનીતિનો સહારો લઈને આપણે રાજા મહાબળ સાથે યુદ્ધ કરીને શુભમતીને મેળવીએ એ સંપૂર્ણ રીતે અયોગ્ય છે. લગ્ન તો એક સમજૂતી છે. સમજૂતી માટે બંને પક્ષની સહમતિ હોવી જરૂરી છે. તદુપરાંત લગ્ન તેની સાથે કરવું જરાય યોગ્ય નથી, જેને આપણે ચાહતા હોઈએ, પરંતુ જે આપણને ચાહે છે, તેની સાથે લગ્ન કરવું જોઈએ. આપણે વિક્રમચરિત્ર માટે બીજી કન્યા શોધી લઈશું.'

રાજકુમાર વિક્રમચરિત્રે શુભમતીના રૂપ ગુણની ચર્ચા સાંભળી તો તેના મનમાં શુભમતી માટે સહજ પ્રેમ જાગૃત થયો. પરંતુ પરિસ્થિતિ એવી હતી કે તે કશું કહી શકે તેમ નહોતો. તેથી જ્યારે તેના મિત્રોએ તેને ભડકાવ્યો અને શુભમતીને શક્તિબળથી મેળવવા માટે ચડાવ્યો તો વિક્રમચરિત્રે કહ્યું–

'મિત્રો ! ભાગ્યની વસ્તુ આપોઆપ જ મળી જાય છે. જો શુભમતી ધર્મધ્વજના ભાગ્યમાં હોય તો મને કેવી રીતે મળી શકે ? જેનાં લગ્ન ધર્મધ્વજની સાથે નક્કી થઈ ગયાં, તેને હું યુદ્ધ કરીને મેળવું, તે યોગ્ય નથી. મને બીજી કોઈ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કન્યા મળી જશે.'

મિત્રોને આમ કહ્યા પછી વિક્રમચરિત્ર પોતાના શયન-ખંડમાં ગયો અને મનમાં વિચારવા લાગ્યો- 'વિદ્યાના બળથી મેં અવંતીમાં ચોરીઓ કરીને બધાને હેરાન કર્યા હતા અને કપટ-બળથી મારા પિતાએ મારી માતા સાથે લગ્ન કર્યું હતું. તેથી વિદ્યાબળ અને ચતુરાઈથી હું એકલો જ શુભમતીને મેળવું તો સારૂં રહેશે. આ બહાને માગ કર્મની પરીક્ષા પણ થઈ જશે. જો પુણ્ય બળવાન હશે તો એકલો જ શુભમતીને મેળવીશ.'

આવો વિચાર કરી વિક્રમચરિત્ર સૂઇ ગયો અને સવારે ઊઠીને સીધો અશ્વશાળામાં પહોંચ્યો. ત્યાં પહોંચીને તેણે અશ્વપાલ પાસેથી બધા જ ઘોડાની વિશેષતા જાણી લીધી. એક-એક કરીને બધા ઘોડાનો પરિચય આપતાં અશ્વપાલે વિક્રમચરિત્રને કહ્યું-

'રાજકુમારજી! લાલ રંગનો આ ઘોડો પોતાની ગતિને કારણે પવનવેગી કહેવાય છે અને સફેદ રંગનો આ ઘોડો મનોવેગી છે. આની ગતિ બધાથી વધારે છે. એક દિવસમાં તે કેટલાય યોજનનો યાત્રા પૂરી કરે છે.'

ઘોડાનો પરિચય મેળવીને વિક્રમચરિત્ર પોતાના ખંડમાં પાછો ફર્યો અને વિચાર કર્યો-

'શુભમતીના લગ્નના પાંચ જ દિવસ બાકી છે, તેથી આજે જ રાત્રે મારે વલ્લભીપુર જવા માટે રવાના થવું

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

જોઈએ. એવો વિચાર કરી વિક્રમચરિત્ર ઉત્તમ વસ્ત્રાભૂષણોથી સજ્જ થઈ અદૃશ્ય થઈ રાત્રે અશ્વશાળામાં આવ્યો અને મનોવેગ નામના ઘોડા પર ચઢીને બોલ્યો–

'હે મનોવેગ અશ્વ ! તું સર્વ ગુણોથી યુક્ત અને તારા સ્વામીનું હિત કરવાવાળો છે. તેથી તરત જ મને સૌરાષ્ટ્રની રાજધાની વલ્લભીપુર પહોંચાડી દે.'

નદી, વન પર્વત અને મેદાનોને પાર કરતાં કરતાં વિક્રમચરિત્ર વલ્લભીપુર પહોંચી ગયો. સંધ્યાનો સમય હતો. નગરની શોભા ઘણી જોવા લાયક હતી. રાજકુમાર વિક્રમચરિત્ર ઘોડા પર સવાર થઇને નગરની શોભા જોઈ રહ્યો હતો.

વલ્લભીપુર નગરમાં શ્રીદત્ત નામનો એક ધનવાન અને રાજ–સન્માન મેળવેલો શેઠ રહેતો હતો. તેને લક્ષ્મી નામની પરમ ચતુર અને રૂપવતી કન્યા હતી. જે વખતે વિક્રમચરિત્ર વલ્લભીપુર નગરની શોભા જોતો ફરી રહ્યો હતો, તે વખતે શેઠની કન્યા લક્ષ્મી બારીમાંથી નીચેના લોકોને જોઇ રહી હતી. ઘોડા પર ચઢેલા વિક્રમચરિત્રના રૂપને જોઇને લક્ષ્મી તેના પર મોહી પડી. તેણે તેની સખીને કહ્યું–

'સખી ! દેવકુમાર જેવો આ જે પુરૂષ ઘોડા પર સવાર થઇને ફરી રહ્યો છે, તેને મારી પાસે લઈ આવ !'

લક્ષ્મીની ચતુર સખી મીઠી મીઠી વાતોમાં ફસાવીને વિક્રમચરિત્રને લક્ષ્મીની પાસે ઉપર લઇ ગઇ. પોતાનું કામ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કરવા માટે વિક્રમચારિત્ર પણ નગરમાં કોઇ વ્યકિતનો સંપર્ક કરવા ઈચ્છતો હતો. તેથી તે પણ શેઠ-કન્યા લક્ષ્મી પાસે પહોંચ્યો અને બહેન કહીને તેને નમસ્કાર કર્યા. બહેન સંબોધન સાંભળતાં જ લક્ષ્મી બેભાન થઇને પડી ગઈ. તેની સખીઓ તેને જેમ તેમ કરીને ભાનમાં લાવી. ભાનમાં આવીને લક્ષ્મીએ સખીઓને કહ્યું—

'સખીઓ ! આ દેવોપમ સુંદર પુરૂષને હું મારો પતિ બનાવવા ઈચ્છતી હતી. પરંતુ તેણે મને બહેન બનાવી દીધી.'

સખીઓએ લક્ષ્મીને સમજાવી-

'સખી લક્ષ્મી ! તારે કોઈ ભાઈ નથી. ભાગ્યથી તને આ સ્વરૂપવાન ભાઈ મળ્યો છે, તો તેમનું સ્વાગત કર. ભાઈ-બહેનનો સ્નેહ ઘણો પવિત્ર હોય છે.'

સખીઓની વાત સાંભળી લક્ષ્મીને શાંતિ થઈ. તેના મનમાં પણ શુભ વિચારો જાગૃત થયા. અને તેણે ધર્મના ભાઇ વિક્રમચરિત્રને સ્વાગત-સત્કાર કરીને પોતાને ત્યાં રાખ્યો. ભોજન વિગેરેથી પરવારીને વિક્રમચરિત્રે ધર્મની બહેન લક્ષ્મીને કહ્યું-

'બહેન ! તું મારું એક કામ કરી આપ. તે એ છે કે કોઈ પણ રીતે રાજકુમારી શુભમતીનો મારી સાથે મેળાપ કરાવી આપ.'

વિક્રમચરિત્રની વાત સાંભળી લક્ષ્મી ઘણી ચકિત થઈ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

અને ગભરાઈને બોલી-

'ભૈયા ! મને લાગે છે કે તમને પ્રેમનો રોગ લાગુ પડયો છે. પરંતુ હવે કોઈ રસ્તો નથી. રાજકુમારીનો મેળાપ ભલા હું તમારી સાથે કેવી રીતે કરાવી શકું ?

'બીજી વાત એ છે કે હવે મળવાથી કોઇ લાભ નથી. કાલે સાંજે શ્રીપુર નગરથી રાજા ગજવાહન જાન લઇને આવશે. તેમના પુત્ર ધર્મધ્વજની સાથે શુભમતીનાં લગ્ન થશે.

'ભૈયા ! હવે મળવાથી કોઈ લાભ નથી. બધું જ નકકી થઇ ગયું છે. જ્યારે પાણી વહી જાય તો પુલ બાંધવાથી શો લાભ ? એવી રીતે માણસને મૃત્યુ બાદ દવા આપવી અને માથું મૂંડાવ્યા પછી મુહૂર્ત પૂછવું વ્યર્થ છે. જે વસ્તુ હાથમાંથી જતી રહી, તેના માટે શોક કરવો નકામો છે.* ભાઇ ! હવે તો રાજકુમારી શુભમતી તમારા હાથમાંથી જતી રહી, એવું જ સમજો.'

શેઠકન્યા લક્ષ્મીની વાત સાંભળી વિક્રમચરિત્રે કહ્યું-

'બહેન ! જો કોઈ પણ યુકિતથી તું રાજકુમારી શુભમતીનો મારી સાથે મેળાપ નહીં કરાવી શકે તો હું

---

* ગતે જલે કઃ ખલુ સેતુબંધઃ
કિં વા મૃતે ઔષધદાનકૃત્યૈઃ ।
મુહૂર્તપૃચ્છા કિમુ મુંડિતે કા
હસ્તાદ્‌ગતે વસ્તુનિ કિં હિ શોકઃ ।।

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

જીવતો નહીં રહું. હમણાં જ તલવારથી મારું માથું છેદીને મરી જઈશ.'

આમ કહીને વિક્રમચરિત્રે મ્યાનમાંથી તલવાર કાઢી અને પોતાના ઓરડામાં મરવા તૈયાર થયો. લક્ષ્મીએ તેનો હાથ પકડી લીધો અને બોલી-

'ભાઇ ! તમે જીવ ન આપશો. હું બનતા બધા જ પ્રયત્ન દ્વારા રાજકુમારીનો તમારી સાથે મેળાપ કરાવીશ. ગમે તેમ રાત તો વિતાવવી જ પડશે. કાલે બપોરે હું તમારી મુલાકાત રાજકુમારી સાથે કરાવીશ.'

સંતોષનો શ્વાસ લઈને વિક્રમચરિત્ર સૂઈ ગયો. બીજા દિવસે સવારે શેઠ કન્યા લક્ષ્મી રાજમહેલમાં પહોંચી અને રાજકુમારીની માતા વીરમતીને કહ્યું-

'મહારાણીજી ! રાજકુમારીની બધી જ સખીઓએ તેમને ત્યાં બોલાવીને તેને ભોજન કરાવ્યું છે.

'આજે હું પણ તેને નિમંત્રણ આપવા આવી છું. બપોરે રાજકુમારી શુભમતી મારે ત્યાં ભોજન કરશે.'

લક્ષ્મીના પિતા શેઠ શ્રીદત્ત રાજ્ય સન્માનિત શેઠ હતા. તેથી રાણી વીરમતીએ લક્ષ્મીને સ્વીકૃતિ આપી દીધી. યોગ્ય સમયે લક્ષ્મી રાજકુમારીને પોતાને ત્યાં લઇ ગઈ. ભોજન પત્યા પછી એકાંત ઓરડામાં સખીઓની વચ્ચે રાજકુમારી શુભમતી અને રાજકુમાર વિક્રમચરિત્રનો ભેટો થયો. એક બીજાને જોઈને બંને બેભાન થઇ ગયાં.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

શીતલ ઉપચાર પછી બંને જ્યારે ભાનમાં આવ્યાં તો રાજકુમારી શુભમતીએ લક્ષ્મીને કહ્યું-

'સખી ! ગમે તેમ કરીને તું મારું લગ્ન આ દેવરુપ રાજપુત્રની સાથે કરાવ. નહીંતર હું લાકડાનો ઢગલો કરીને ચિતા પર ચઢીને બળી મરીશ.'

લક્ષ્મીએ કહ્યું-

'સખી ! તેં મને મોટા ધર્મ સંકટમાં મૂકી દીધી. એક બાજુ કૂવો છે, બીજી બાજુ ખાઈ છે. જ્યાં પણ પડીશ ત્યાં મરણ પામીશ. જો હું તારાં લગ્ન મારા ધર્મના ભાઈ વિક્રમચરિત્રની સાથે કરાવું તો રાજા મહાબળના ક્રોધનો શિકાર બનીશ અને જો ન કરાવું તો ધર્મનો ભાઈ વિક્રમ-ચરિત્ર તથા સખી શુભમતી તમારા બંનેના જીવનને નષ્ટ કરવાનું કારણ બનીશ. એટલા માટે હે સખી ! ધીરજથી હું જે ઉપાય બતાવું તે કરો.

'સખી શુભમતી ! રાત્રે નિશ્ચિંત સમય પર તું રાજ-મહેલમાંથી નીકળીને મહેલના પાછળના ભાગમાં અમુક જગ્યા પર પહોંચી જજે. ત્યાં વિક્રમચરિત્ર પણ પહોંચી જશે. અને તને લઇને પોતાના દેશમાં પહોંચશે. ત્યાં તમારાં બંનેનાં લગ્ન આનંદથી થઇ જશે.'

રાજકુમારી શુભમતી અને અવન્તીકુમાર વિક્રમચરિત્ર બંને ખુશ થયાં. રાજકુમારી રાજમહેલમાં જતી રહી અને કુમાર વિક્રમ સમયની રાહ જોવા લાગ્યો.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

રાજકુમારી શુભમતી સાથે લગ્ન કરવા માટે શ્રીપુરનો રાજકુમાર ધર્મધ્વજ જાન લઇને વલ્લભીપુર આવ્યો. ખૂબ ધામધૂમથી જાનનું સ્વાગત કરવામાં આવ્યું. વર ધર્મધ્વજને જોવા માટે વલ્લભીપુરની સ્ત્રીઓ છાપરાં પર ચઢી ગઇ. આ તરફ રાજકુમારી શુભમતી સાજ-શણગાર કરીને મહેલના બહાર નીકળવાના ઉપાય શોધવા લાગી. પરંતુ તે સખી-ઓથી ઘેરાઇને બેઠેલી હતી. રાજકુમારી ઘણી જ વ્યાકુળ થઇને વિચારી રહી હતી-

'મળવાનો સમય જતો રહ્યો. રાજકુમાર વિક્રમચરિત્ર સંકેત સ્થાન પર મારી રાહ જોઇ રહ્યા હશે. આખરે હું જઉં કેવી રીતે?'

ત્યાં મનોવેગ ઘોડા પર સવાર થઇને અવન્તીકુમાર વિક્રમ-ચરિત્ર રાજમહેલની પાછળના ભાગમાં ખૂબ આતુરતાથી શુભ-મતીની રાહ જોઇ રહ્યો હતો. જ્યારે તેની ધીરજ ખૂટવા લાગી ત્યારે તેણે અદ્દશ્ય રુપથી રાજમહેલમાં પહોંચવાનો નિશ્ચય કર્યો. તે જ વખતે એક ખેડૂત ત્યાંથી પસાર થઈ રહ્યો હતો. તેને જોઈને વિક્રમચરિત્રે કહ્યું-

'હે ભાઈ! થોડી વાર આ મારો ઘોડો પકડીને ઊભા રહો. હું વર ધર્મધ્વજને જોઈને હમણાં જ આવું છું.'

મનોવેગ ઘોડાને લઇને ખેડૂત બતાવેલી જગ્યા પર ઊભો રહ્યો અને રાજકુમાર વિક્રમચરિત્ર અદ્દશ્ય થઈને રાજમહેલમાં પહોંચ્યો અને રાજકુમારી શુભમતીને શોધવા

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

લાગ્યો.

જ્યારે શુભમતીને મહેલમાંથી નીકળવાની કોઈ તક ન મળી તો તેણે તેની સખીઓને કહ્યું-

'સખીઓ! મને કુદરતી હાજતની શંકા થઈ છે, એટલા માટે હું જાઉં છું.'

સખીઓએ આશ્ચર્ય વ્યક્ત કરતાં કહ્યું-

'રાજકુમારીજી! આ પણ કોઈ હાજતે જવાનો સમય છે? રાજકુમાર ધર્મધ્વજ લગ્નમંડપમાં આવી ચૂક્યા છે અને તમે હાજતે જાઓ છો?'

રાજકુમારીએ કહ્યું-

'સખીઓ! હંમેશાં હાજતનો નિશ્ચિત સમય હોય છે પણ આકસ્મિક હાજતનો કોઇ સમય હોતો નથી. જ્યારે શંકા થઇ તો જવું પડે છે. આકસ્મિક હાજત આગળ કોઇ પણ કામ મહત્ત્વનું નથી. હું જાઉં છું.'

સખીઓને કહીને રાજકુમારી શુભમતી બારીના રસ્તે મહેલની પાછળ સંકેતવાળી જગ્યાએ પહોંચી ગઈ. ત્યાં ઊભેલા ખેડૂતને તેણે કહ્યું-

'રાજકુમાર! મને તરત જ તમારા દેશમાં લઈ જાઓ, નહિંતર મારા પિતાજીના દૂત મને શોધતા શોધતા અહીં સુધી આવી પહોંચશે.'

રાજકુમારીની વાત સાંભળીને ખેડૂતે વિચાર્યું-

'તે વ્યક્તિ જે મને ઘોડો સોંપીને ગયો છે, તે કોઈ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

રાજકુમાર જ હશે. અંધારામાં હું તેમને જોઈ શક્યો નહીં અને આ રાજકુમારી તેમની સાથે જવા માટે અહીંયાં આ ત છે.'

આમ વિચારીને ખેડૂતે રાજકુમારી શુભમતીને કાંઇ પણ જવાબ આપ્યો નહીં અને ઘોડા પર બેસાડી પોતાના ગામ તરફ લઈ ગયો.

ચારેય તરફ અંધારાનું સામ્રાજ્ય હતું. ખેડૂતને મૌન જોઈને રાજકુમારી શુભમતીએ વિચાર્યું— નગરમાં ન બોલે તે જ સારૂં, મારે પણ મૌન જ રહેવું જોઇએ. જ્યારે નગર નીકળી ગયું અને વેરાન મેદાનમાં ઘોડો દોડવા લાગ્યો તો રાજકુમારી શુભમતીએ ખેડૂતને પૂછ્યું—

'રાજકુમાર ! તમારો દેશ કેટલે દૂર છે ?'

ખેડૂતે કોઈ જવાબ ન આપ્યો. રાજકુમારીએ ફરીથી પૂછ્યું-

'તમે બોલતા કેમ નથી ? બોલ્યા વગર રસ્તો કેવી રીતે કપાશે ?'

તો પણ ખેડૂત મૌન રહ્યો. લાચાર રાજકુમારી ખીજાઈને ચૂપ થઇ ગઇ. આખી રાત ખેડૂત ચાલતો રહ્યો. જ્યારે આકાશમાં ઉષાનો ઉદય થયો તો રાજકુમારીએ ખેડૂતને જોયો અને તેને જોઇને બોલી—

'તું કોણ છે ? મને ક્યાં લઈ જઇ રહ્યો છે ? તું તે રાજપુત્ર નથી, જે મને લક્ષ્મીને ત્યાં મળ્યો હતો. ચોકકસ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તું ઠગ જ છે. હું તારી સાથે નહી આવું.'

ખેડૂતે રાજકુમારીને કહ્યું—

'રાજકુમારી ! ચુપચાપ બેસી રહે. હું પણ કોઈ રાજાથી કમ નથી. સાચો રાજા તો ખેડૂત હોય છે. તું મારા ભાગ્ય-માં હતી અને હું તારા ભાગ્યમાં, તેથી બંનેનો મેળાપ થઇ ગયો.

'હે બાળા ! એક ખેડૂતનું જીવન સ્વર્ગથી પણ વધારે સુખી હોય છે. ખેડૂત–જીવન બાબતમાં કહેવામા આવ્યું છે કે એક સ્રી, ત્રણ પુત્રો, બે હળ, દસ ગાયો અને નગરની નજીકના ગામમાં રહેવું— એ બધું સ્વર્ગથી પણ અધિક હોય છે. * તેની સાથે જ સરસવના પત્તાનું શાક, મીઠું દહીં અને પૃથ્વીલોકનું અમૃત એવો મઠો ખેડૂતને ઘેર જ મળી શકે છે.

'હે ભામિની ! હું ઘણા જ ખેડૂતોની વચ્ચે વિદ્યાપુર નામના ગામમાં રહું છું. મારૂં નામ સિંહ છે. મને સાતેય વ્યસન લાગેલાં છે. જુગારમાં હું ઘણો જ ચતુર છું. મારા ઘરમાં મારી પહેલી પત્ની છે. તેને હું ઘરમાંથી કાઢી મૂકીશ અને તારી સાથે સુખેથી રહીશ.

'હે શુભમતી ! મારા ઘરમાં ચાર બળદ અને બે હળ છે એક રથ છે અને બે ગાયો છે તથા તેમના બે વાછડા

---

* એકા ભાર્યા ત્રય પુત્રાઃ દ્વે હલે દશ ધેનવઃ ।
ગામે વાસ પુરાસન્ને સ્વર્ગાદપિ વિશિષ્યતે ।।

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પણ છે. મેં મારાં પાંચ ખેતરોમાં જવ, ઘઉં, શેરડી, ચણા અને કપાસની વાવણી કરી છે. તેથી બધી ચિંતાઓને છોડી મારે ઘેર ચાલ. હું તને બધી જ રીતે સુખી કરીશ.'

સિંહ નામના ખેડૂતની વાતો સાંભળીને રાજકુમારી શુભમતીએ વિચાર કર્યો—

'બુદ્ધિબળથી મોટું કોઇ બળ નથી. બુદ્ધિ વગર સાહસ પણ કૂવામાં ધકેલે છે, જેવી રીતે બુદ્ધિ વગરના સિંહે સસલાના કહેવાથી કૂવામાં પડવાનું સાહસ બતાવ્યું હતું અને તરફડી-તરફડીને મરી ગયો હતો. બુદ્ધિ દ્વારા જ હું આ ખેડૂતની પકડમાંથી છૂટી શકીશ.'

એવો વિચાર કરીને શુભમતીએ મીઠી વાણીમાં કહ્યું-

'હે કૃષકરાજ ! મેં જીવનમાં ક્યારેય પાકથી લહેરાતાં ખેતરો નથી જોયાં. તમારાં ખેતરો જોવાની મારી ઘણી ઈચ્છા છે.'

ખેડૂતે વિચાર્યું– 'આ રાજપુત્રી સરળતાથી મારી થઈ ગઈ છે.' તેથી પ્રસન્ન થઈને તેણે કહ્યું-

'રાજકુમારી ! મારાં ખેતરો તો રસ્તામાં જ આવે છે. ગામમાં પેસતાં પહેલાં તને હું મારાં ખેતરો બતાવીશ.'

વિદ્યાપુરની નજીક પહોંચીને સિંહ નામનો ખેડૂત પોતાના ખેતરમાં ઊભો રહ્યો. ચણાના ખેતરમાં એક બાજુ તેની ઝુંપડી હતી. નજીકમાં કૂવો હતો અને લીમડો તથા પીપળાનાં બે ઘટાદાર વૃક્ષો પણ હતાં. ખેડૂતે ઘોડા ઉપરથી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

રાજકુમારીને ઉતારી અને પછી પોતે ઉતરીને ઘોડાને ઝાડની સાથે બાંધી દીધો. થોડી વાર આરામ લીધા પછી ખેડૂતે કહ્યું-

'ચાલો, હવે આપણે ઘેર જઈએ.'

રાજકુમારી શુભમતીએ કહ્યું-

'ખેડૂતરાજ ! તમે મને લગ્ન કર્યા વગર લઈ જશો તો ગામના લોકો એમ સમજશે કે તમે મને ભગાડીને લાવ્યા છો તથા મારા રૂપથી આકર્ષાઇને તમારા રાજા મને તમારી પાસેથી છીનવી લેશે. તેથી અહીં ખેતરમાં મારી સાથે લગ્ન કરીને તમારી સાથે લઇ જાઓ.'

રાજકુમારીના પ્રસ્તાવથી સહમત અને ખુશ થઈને સિંહ નામના ખેડૂતે તેને કહ્યું-

'સુંદરી ! તેં સાચું જ કહ્યું છે. તું અહીં બેસીને રાહ જો. હું મારા નગર વિદ્યાપુરમાં જાઉં છું. ત્યાંથી લગ્નની બધી સામગ્રી અને પંડિતને લઈને આવું છું. પછી તારી સાથે લગ્ન કરીને તને મારે ઘેર લઈ જઇશ.'

રાજપુત્રી શુભમતીને મનોવેગ ઘોડા સહિત પોતાના ખેતરમાં છોડીને સિંહ ખેડૂત પોતાને ઘેર ગયો. ઘેર જતાં જ પોતાની પત્ની સાથે કાંઈ વાતમાં છંછેડાઇ ગયો અને બોલ્યો-

'તને સહેજ પણ ભાન નથી. તેં મારા ઘરનું સત્યાનાશ વાળી નાખ્યું છે. હું તારા જેવી કુલક્ષણી સ્ત્રીને મારા

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ઘરમાં નહીં રાખું. અત્યારે જ મારા ઘરમાંથી ચાલી જા.'

ખેડૂતની પત્નીને પણ ક્રોધ ચડયો. તેણે તડૂકીને કહ્યું-

'હું જ તમારા ઘરનો નિર્વાહ કરી રહી છું. હું જતી રહીશ તો ચૂલો ફૂંકતાં ફૂંકતાં મૂછો સળગી જશે.'

ખેડૂતે ક્રોધિત અવાજે કહ્યું-

'તું તારા મનમાં શું સમજે છે? જો તું મારા ઘરમાંથી જતી રહીશ તો હું અહીં તારા કરતાં પણ સુંદર ઘરવાળી લઈ આવીશ.'

'સારું, હું મારા પિયર જતી રહું છું. મારી પાછળ પાછળ ન આવશો. જોઉં છું કઇ રાજકુમારી તમારા ઘરમાં આવશે.'

'હા, હા, હું રાજકુમારી લઇને જ આવીશ. તું જલ્દીથી તારું કાળું મોં લઇને જ્યાં જવું હોય ત્યાં જતી રહે.'

લડી-ઝગડીને સિંહ નામના ખેડૂતે પોતાની પત્નીને ઘરમાંથી કાઢી મૂકી અને તે કયારેય પાછી નહીં આવે એવી ધમકી આપીને તેના પિતાને ઘેર જતી રહી. પત્નીને કાઢયા પછી ખેડૂતે લગ્નની સામગ્રી એકઠી કરી અને ગામમાંથી એક કર્મકાંડી બ્રાહ્મણને લઇને પોતાના ખેતર તરફ ગયો.

જેવો સિંહ નામનો ખેડૂત શુભમતીને પોતાના ખેતરમાં મૂકીને પોતાના ઘર તરફ રવાના થયો કે તરત જ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

શુભમતી મનોવેગ ઘોડા પર સવાર થઈને અનિશ્ચિત દિશામાં ચાલી નીકળી. ચાલતાં ચાલતાં તે વનમાં પહોંચી. અને રાત પડવાથી એક ઝાડની નીચે ઊભી રહી. ચિંતાતુર વ્યક્તિની આંખમાંથી ઊંઘ એવી રીતે ગાયબ થઈ જાય છે, કે જેવી રીતે વરસાદને અભાવે જવારના છોડની હરિયાળી ખલાસ થઈ જાય છે.

ચિંતાયુક્ત રાજકુમારી શુભમતીને ઊંઘ નહોતી આવતી. જે ઝાડ નીચે તે બેઠી હતી, તે ઝાડ ઉપર ભારંડ પક્ષીનો પરિવાર રહેતો હતો. વૃદ્ધ ભારંડને ચાર જુવાન બેટા હતા. ભારંડે પોતાના ચારેય પુત્રોને પૂછ્યું–

'પુત્રો ! હું તો ઘરડો થવા લાગ્યો, એટલા માટે ક્યાંય આવતો-જતો નથી. તમે ચારેય દિશામાં દેશ-વિદેશમાં ફરો છો. આજે ક્યાં ક્યાં ફર્યા અને ક્યાં કયું નવું કૌતુક જોયું તે ચારેય ભાઈઓ પોત પોતાનું જોયેલું નવીન કૌતુક સંભળાવો.'

પિતાની વાત સાંભળીને પહેલા ભારંડ પુત્રે કહ્યું–

'પિતા ! હું આજે વલ્લભીપુર નગરની નજીકના વનમાં ગયો તો મેં કોલાહલ સાંભળ્યો. કોલાહલ સાંભળીને હું નગરમાં ગયો અને રાજમહેલના સૌથી ઊંચા છાપરા પર બેસીને લોકચર્ચા સાંભળવા લાગ્યો. મને એક નવીન વાત જાણવા મળી. તે એ કે શ્રીપુર નગરનો રાજકુમાર ધર્મધ્વજ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વલ્લભીપુરના રાજા મહાબળની કન્યા શુભમતીની સાથે લગ્ન કરવા આવ્યો હતો. લગ્નના થોડા સમય પહેલાં રાજકન્યા-મહેલમાંથી ગાયબ થઈ ગઈ. લોકોમાં ચર્ચા હતી કે રાજ-કુમારી શુભમતીને કોઇ દેવ અથવા અસુર અદૃશ્ય રૂપથી હરણ કરીને લઈ ગયો છે.

'હે પિતા ! રાજા મહાબળે તેમની કન્યાની ઘણી જ શોધ કરાવી. પણ તે ન મળી. એટલા માટે શુભમતીના પિતા રાજા મહાબળ, માતા રાણી વીરમતી તથા તેની સાથે લગ્ન કરનાર કુમાર ધર્મધ્વજ–ત્રણેય જીવ ઉપવાસ કરીને મરણને શરણ થવા ગિરનાર પર્વત પર જઈ રહ્યાં છે. આ મેં એક નવું કૌતુક જોયું છે.'

ત્યાર પછી બીજો ભારંડ પુત્ર બોલ્યો–

'પિતા ! હું આજે વામનસ્થલી નામના નગરની નજીક ગયો હતો. ત્યાં મેં પણ એક કૌતુક જોયું. વામનસ્થળીના રાજા કુંભની રૂપશ્રી નામની કન્યા ભાગ્યના યોગથી આંધળી થઇ ગઈ છે. રાજા કુંભે રાજકુમારી રૂપશ્રીની આંખો સારી કરવા અનેક પ્રયત્નો કર્યા, પણ તેનો અંધાપો દૂર ન થયો. રૂપશ્રીએ પ્રતિજ્ઞા લીધી છે કે જો એક મહિનાની અંદર મારો અંધાપો દૂર નહીં થાય તો હું ચિતા સળગાવીને મારા પ્રાણ આપી દઇશ. એટલા માટે રાજા કુંભ રોજ ઢોલ વગડાવે છે કે જે કોઇ મારી પુત્રી રૂપશ્રીને દષ્ટિદાન કરશે, તેને હું મોં માગી વસ્તુ આપીશ.'

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

બીજા પુત્રની વાત સાંભળીને વૃદ્ધ ભારંડે કહ્યું—

'વત્સ ! તેની આંખો તો સંદેહ વગર સારી થઇ શકે છે. કારણ કે મંત્ર વગરનો કોઇ અક્ષર નથી. એક પણ એવી વનસ્પતિ નથી જે દવા ન હોય. પૃથ્વી અનાથ નથી. કેવળ પ્રયોગની વિશેષ વિધિ બતાવવા વાળો જ દુર્લભ છે. *

'વત્સ ! આપણા ભારંડ પક્ષીઓના મળમાં એવી વિશેષતાઓ છે કે તેને જુદી જુદી વનલતાઓના રસમાં મેળવીને પ્રયોગ કરવામાં આવે તો અનેક ચમત્કાર થાય છે, જેવો કે આપણા મળને જો અમૃતવલ્લીના રસમાં મેળવીને આંખોમાં લગાવવામાં આવે તો સ્ત્રી પુરૂષ બની જાય છે અને પુરૂષ સ્ત્રી બની જાય છે. એવું રૂપ–પરિવર્તન થઇ જાય છે કે કોઇ આત્મીય સ્વજન પણ નથી ઓળખી શકતું અને જો તે મળમાં ચંદ્રવલ્લી (માધવી લતા) ના રસમાં મેળવીને લગા-વવામાં આવે તો પોતાનું અસલ રુપ ફરીથી થઈ જાય છે.'

'વત્સ ! જો આપણા મળને રાજેન્દ્ર કુંડના જળમાં મેળવીને અમાસના દિવસે આંધળી વ્યકિતને લગાવે તો ફરીથી સારી દૃષ્ટિ મેળવી શકે છે !'

પિતાની વાત સાંભળીને ચારેય પુત્રો ખુશ થયા. નીચે બેઠેલી રાજકુમારી શુભમતી પણ પિતા–પુત્રોનો વાર્તાલાપ

---

* અમંત્રમક્ષરં નાસ્તિ–નાસ્તિ મૂલમનૌષધમ ।
અનાથા પૃથ્વી નાસ્તિ આમ્નાયાઃ ખલુ દુર્લભા ।।

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સાંભળી રહી હતી. ત્યાર પછી ત્રીજા ભારંડ પુત્રે કહ્યું-

'પિતા ! હવે મારું કૌતુક પણ સાંભળો. વિદ્યાપુરનો સિંહ નામનો ખેડૂત કોઈ રાજકુમારીને લઇને આવ્યો અને તેને પોતાના ખેતરમાં મૂકી તેના ઘેર લગ્નની સામાગ્રી તથા બ્રાહ્મણને લેવા ગયો. ઘેર જતાં જ તેણે તેની પહેલી પત્નીને ઘરમાંથી કાઢી મૂકી. તે ખેડૂત પત્ની તેના પિયર રહી. સિંહ નામનો ખેડૂત જ્યારે લગ્નની સામગ્રી અને પંડિતને લઇને ખેતરમાં આવ્યો તો ત્યાં તેને રાજકુમારી ના મળી. ઘોડા પર સવાર થઈને રાજકન્યા કોણ જાણે કયાં જતી રહી. સિંહ ખેડૂત ખેતરમાંથી આવી સીધો પોતાના સાસરે ગયો અને તેની પહેલી પત્નીને તેની સાથે ઘેર આવવા માટે કહ્યું. પરંતુ તેની પત્નીએ તેની સાથે જવાની તેમ જ સાથે રહેવાની ચોખ્ખી ના પાડી દીધી. ખેડૂત બંને બાજુથી નિરાશ થઈ ગયો અને પોતાનું જીવન નકામું સમજીને ગિરનાર પર્વત પર પ્રાણ છોડવા માટે જતો રહ્યો.'

ત્રીજા પુત્રનું કૌતુક સાંભળીને વૃદ્ધ ભારંડે કહ્યું-

'પુત્રો ! કામીજનોની આવી જ દશા થાય છે. કહ્યું પણ છે કે આંધળી વ્યકિત પોતાની આગળ દેખીતી વસ્તુને નથી જોઇ શકતો. પરંતુ કામી પુરૂષ પોતાની સામેની વસ્તુને જોતો નથી અને કાલ્પનિક તથા અદશ્ય વસ્તુને જુએ છે.'

'પુત્રો ! કામી પુરૂષને નિસ્સાર અને અપવિત્ર નારીની આંખોમાં કમળનો ભાસ થાય છે. તેનું હાસ્ય (અને દંત

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પંકિત) માં કુંદ પુષ્પનું સૌદંર્ય દેખાય છે, મુખમાં પૂર્ણ-ચંદ્રનાં દર્શન કરે છે. આ રીતે સ્તનોમાં કુંભ, હાથોમાં લતા તથા હોઠોમાં કોમળ પલ્લવોનાં દર્શન કરીને અત્યંત આનંદિત થાય છે.'

ત્યાર પછી ભારંડે પોતાના ચોથા પુત્રને કહ્યું-

'વત્સ ! જે કાંઇ તેં જોયું છે, તે તું પણ મને સંભળાવ.'

વૃદ્ધ ભારંડનો ચોથો પુત્ર બોલ્યો- 'હું આજે એક સુંદર વનમાં ગયો હતો. જે વૃક્ષ પર હું બેઠો હતો, તેની નીચે બે મુસાફરો બેઠા બેઠા એકબીજા સાથે વાતો કરતા હતા. એક મુસાફર બીજા મુસાફરને પૂછી રહ્યો હતો.

'ભાઈ ! તું આટલો ઉદાસ કેમ છે ? એવું લાગે છે કે કોઇ ચોરે કાં તો તારૂં ધન જપ્ત કરી લીધું હશે કાં તો તારી પત્નીને કોઈ લઈ ગયું હશે.'

ત્યારે બીજા મુસાફરે કહ્યું-

'મારા સહયાત્રી મિત્ર ! કહેવાથી શું થાય છે ? મારૂં કોઈએ કાંઇ નથી બગાડયું, પરંતુ હું મારાં કરેલાં કર્મોનું ફળ ભોગવી રહ્યો છું. સદ્‌બુદ્ધિથી વિચાર કરવાથી એ જ તારણ નીકળે છે કે પૂર્વ જન્મમાં કરેલાં શુભ-અશુભ કર્મોના પ્રભાવથી જ સંપત્તિ અથવા વિપત્તિ મળે છે. એટલા માટે કોઇને સારા-ખોટા કહેવામાં કાંઈ જ લાભ નથી.'

પહેલા મુસાફરે આશ્વાસન આપતાં કહ્યું-

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

'ભાઈ! કહેવા-સાંભળવાથી દુઃખ ઓછું થાય છે. એટલા માટે તમે તમારૂં દુઃખ મને કહો.'

બીજા મુસાફરે આ રીતે કહ્યું-

'મિત્ર! હું અવંતીનો રાજકુમાર વિક્રમચરિત્ર છું. વલ્લભીપુરની રાજકન્યા મારી સાથે લગ્ન કરવા માગતી હતી અને હું તેની સાથે લગ્ન કરવા માગતો હતો. અમે બંને એક બીજાને ચાહતાં હતાં. હું તેને મારી સાથે લગ્ન કરવા માટે અવંતીમાં લઈ જવાનો હતો. ત્યાં કોઇ દેવ તેને રાજમહેલમાંથી ઊઠાવીને લઈ ગયો. એટલા માટે હું હવે પ્રાણ ત્યાગ કરવા ગિરનાર પર્વત પર જઈ રહ્યો છું.'

પહેલા મુસાફરે કહ્યું-

'જીવન-મરણ કોઇના હાથમાં નથી. જો તમારા ભાગ્યમાં તે રાજકન્યાનો યોગ હશે તો તે તમને અવશ્ય મળશે અને તમારી ઈચ્છા હશે તો પણ મરી શકવાના નથી.'

આ સંવાદ સાંભળ્યા પછી ભારંડના ચોથા પુત્રે ફરીથી કહ્યું—

'હે પિતા! આટલું જાણ્યા પછી હું તો વનમાં આગળ જતો રહ્યો અને તે બંને મુસાફર પોત-પોતાની નિશ્ચિત જગ્યાએ જવા રવાના થઈ ગયા.'

આ રીતે બહુ જ વાર સુધી વાતો કર્યા પછી ભારંડનું કુટુંબ સૂઇ ગયું. સવાર થતાં જ રાજકુમારી શુભમતીએ ઝાડની નીચે પડેલા ભારંડ પક્ષીના મળને એકઠો કર્યો તથા

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

જુદાં-જુદાં પાંદડાંના રસમાં મેળવી તેની ગોટીઓ બનાવી. સૌ પ્રથમ તેણે અમૃતવલ્લી રસમાં મેળવેલી ગોટીને પોતાની આંખમાં લગાવી અને રાજકુમારીમાંથી રાજકુમાર બની ગઈ. તેને જોઇને રાજા મહાબળ અને રાણી વીરમતી પણ એ ન કહી શકે કે આ અમારી પુત્રી શુભમતી છે. પુરૂષવેશી શુભમતીએ તેનું નામ આનંદકુમાર રાખ્યું. મનોવેગ ઘોડા પર સવાર થઇને આનંદકુમાર વામનસ્થળી નગર બહાર બગીચામાં રોકાયો. બાગમાં પહોંચીને તેણે બાગનું રક્ષણ કરનારી માળણને એક સોનાની મુદ્રા આપી અને તેને ત્યાં રહી.

બીજા દિવસે આનંદે નગરમાં ઢોલ વાગતું સાંભળ્યું તો માળણને પૂછ્યું-

'માળણ ! નગરમાં આ ઢોલ કેમ વાગી રહ્યું છે?'

માળણે કહ્યું—

'આનંદકુમાર ! અહીંના રાજા કુંભની રાજકન્યા રૂપશ્રી આંધળી થઇ ગઈ છે. જે કોઈ તેને સારી દૃષ્ટિ આપશે, તેને મોં માગી વસ્તુ મળશે. એક મહિનામાં જો રાજકન્યા નીરોગી નહીં થાય તો તે અગ્નિસ્નાન કરીને પ્રાણ આપી દેશે. એક મહિનામાં દસ દિવસ બાકી છે.'

આનંદકુમારે (શુભમતી) માળણને કહ્યું-

'માળણ ! તું ઢોલનો સ્પર્શ કર. હું રાજકન્યાને સારી દૃષ્ટિ આપીશ.'

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આનંદના આગ્રહથી માળણે ઢોલનો સ્પર્શ કર્યો. રાજ-સેવક માળણને લઈને રાજા કુંભની પાસે ગયા. ત્યારે માળણે કહ્યું—

'અન્નદાતા ! મારે ઘેર એક પરદેશી રહ્યો છે. તે રાજ-કુમારીને સારું કરશે.'

રાજસેવકોની સાથે આનંદ રાજદરબારમાં પહોંચ્યો. રાજાએ કહ્યું—

'પરદેશી યુવક ! તમે મારી કન્યાને દૃષ્ટિ આપો. એના બદલામાં તમે કહેશો તે હું તમને આપીશ.'

આનંદે કહ્યું-

'રાજન ! પહેલાં મારી શરતો સ્વીકારો. ત્યાર પછી હું આંખોની તપાસ શરૂ કરૂં.

'મારી પહેલી શરત એ છે કે રોગ મુકત થયા પછી હું જેની સાથે કહું તેની સાથે તમારે તમારી કન્યાનાં લગ્ન કરવાં પડશે.

'બીજી શરત એ છે કે નગરની એક સુંદર ખેડૂત કન્યા-નાં લગ્ન હું કહું તે યુવક સાથે કરવાં પડશે અને તેને આઠ ગામ તમારા તરફથી ઈનામમાં આપવાં પડશે.

'મારી અંતિમ અને ત્રીજી શરત એ છે કે ગિરનાર પર્વતની ચારેય બાજુ એક એક કોશ દૂરનો પ્રદેશ થોડા દિવસ સુધી મારા સંચાલનમાં રહેશે.'

રાજાએ કહ્યું—

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

'યુવક ! છેલ્લી બંને શરતો હું સ્વીકારૂં છું અને પહેલી શરતને માટે હું મારી પુત્રીને પૂછીને હમણાં કહું છું.'

રાજાએ તેમની પુત્રી રૂપશ્રીને પૂછ્યું તો તેણે કહ્યું-

'પિતાજી ! જેની સાથે તમે મારાં લગ્ન કરશો, તેની સાથે સહર્ષ લગ્ન કરીશ. કારણ કે ઉત્સવસહિત માતા-પિતા જે પુરૂષની સાથે કન્યાનાં લગ્ન કરે છે-તે પુરૂષ સુંદર હોય કે કદરૂપો, કન્યા તે વરને હર્ષથી સ્વીકારે છે.'

રાજકન્યા રૂપશ્રીનો જવાબ લીધા બાદ રાજા કુંભે આનંદ રૂપી શુભમતીને કહ્યું-

'આનંદકુમાર ! મને તમારી પહેલી શરત પણ મંજૂર છે. હું તમારી ત્રણેય શરતો પૂરી કરીશ. તમે રાજકુમારીની સારવાર કરો.'

આનંદે ગજેન્દ્રકુંડના પાણીમાં મિશ્રિત ભારંડ પક્ષીના મળને રાજકુમારીની આંખોમાં આંજ્યું. તેને તાત્કાલિક એવી દૃષ્ટિ મળી ગઈ કે દિવસે પણ તારા દેખાવા લાગ્યા. આ અસંભવિત ઈચ્છાને પૂર્ણ થતી જોઇને રાજા કુંભને અત્યંત આનંદ થયો. બહુ જ મોટા ઉત્સવ સાથે વસ્ત્ર, અન્ન વિગેરેનું દાન આપીને રાજા કુંભે ગરીબોને સંતુષ્ટ કર્યા અને પછી આનંદકુમારને કહ્યું-

'પરદેશી યુવક ! તમારી શરતો પૂરી કરો. જે પુરૂષ સાથે તમે ઇચ્છો તેની સાથે હું મારી કન્યાનાં લગ્ન કરી દઉં.'

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આનંદકુમારે કહ્યું-

'રાજન ! બધું જ કામ સમય આવે થઈ રહેશે. બધાથી પહેલાં હું મારી ત્રીજી શરત પૂરી કરીશ. મારી સાથે થોડા સેવકોને મોકલો. ગિરનાર પર્વતની આસ-પાસના પ્રદેશનું શાસન સૂત્ર હું સંભાળીશ.'

આનંદકુમાર ગિરનાર પર્વત પર ગયો અને રાજ-સેવકોથી રક્ષિત ગિરનાર પર્વત પર આવતા-જતા લોકોનું ધ્યાન રાખવા લાગ્યો.

થોડા દિવસ પસાર થયા પછી એક યુવક ઉપવાસ કરીને પોતાના પ્રાણ આપવા ગિરનાર પર્વત પર આવ્યો. આનંદના સેવકો તે યુવકને લઈને આનંદની પાસે આવ્યા. આનંદે તે યુવકને પૂછ્યું-

'યુવક ! તમે તમારો પ્રાણ ખોવા શા માટે ઇચ્છો છો ?'

યુવકે કહ્યું—

'હે ભદ્ર ! સપાદલક્ષ દેશની રાજધાની શ્રીપુરમાં પ્રજાવત્સલ ગજવાહન રાજા રાજ્ય કરે છે. હું તે જ ગજ-વાહનનો પુત્ર ધર્મધ્વજ છું. શુભમુહૂર્તમાં જાન લઈને હું વલ્લભીપુરના રાજા મહાબળની રાજકન્યા શુભમતીની સાથે લગ્ન કરવા પહોંચ્યો. દેવયોગથી રાજકન્યાનું હરણ થઈ ગયું. બહુ જ પ્રયત્ન કરવા છતાં જ્યારે તેનો પત્તો ન લાગ્યો ત્યારે મેં પ્રાણ આપી દેવાનો નિશ્ચય કર્યો. એટલા

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

માટે મૃત્યુ મેળવવા માટે હું અહીં ગિરનાર પર આવ્યો છું.'

આનંદકુમારે ધર્મધ્વજને સમજાવ્યો—

'કુમાર ધર્મધ્વજ ! ગિરનાર પર મારું શાસન છે. એક મહિના સુધી હું અહીંયાં કોઇને મરવા નહીં દઉં. બીજું તમારે પ્રાણ આપવા ઉચિત નથી. પતિને માટે સ્ત્રીઓ પ્રાણ આપે છે, કારણ કે સ્ત્રી જીવનમાં એક જ વાર લગ્ન કરે છે. પરંતુ પુરૂષ તો કેટલીય વાર લગ્ન કરી શકે છે. તે સિવાય સ્ત્રીને મરવું સારું જ છે. સ્ત્રીના રહેવાથી પુરૂષ ધર્મપથ પર આગળ નથી વધી શકતો. માયા મોહની ભંડાર સ્ત્રી અનેક અવગુણોની ખાણ હોય છે એક સ્ત્રીના માટે તમારે પ્રાણ ન આપવા જોઈએ, કારણ કે પ્રાણ રાખીને જ માણસ સત્કર્મ કરીને પરલોકને સુધારી શકે છે.'

ધર્મધ્વજે ફરીથી કહ્યું—

'હે મહાભાગ ! હું તો માનભંગને કારણે મરવા ઈચ્છું છું. હું જાન લઈને વલ્લભીપુર આવ્યો હતો, તેથી સ્ત્રી વિના મારા નગરમાં કેવી રીતે પાછો ફરૂં ? ત્યાં લોકો મારી હાંસી ઉડાવશે. માન ખોઈને જીવતા રહેવું એના કરતાં મરવું જ સારું છે, એટલા માટે મને મરવા દો.'

આનંદકુમારે ફરી સમજાવ્યુ—

'ધર્મધ્વજ ! જો એવી જ વાત હશે તો હું એક સુંદર રાજકુમારીની સાથે તમારાં લગ્ન કરાવીશ. થોડા

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

દિવસ ધીરજ અને સંતોષથી અહીં રહો.'

ત્યાર પછી વલ્લભીપુરના રાજા મહાબળ અને રાણી વીરમતી ગિરનાર પર પ્રાણ ત્યાગવા આવ્યાં. આનંદકુમાર બનેલી શુભમતીએ તેનાં માતા-પિતાને ઓળખી લીધાં, પણ તેઓ ન ઓળખી શકયાં. આનંદકુમારે પોતાનાં માતા-પિતાને પણ સમજાવ્યાં–

'તમારી પુત્રી શુભમતી તમને તરત જ મળશે અને સાથે તમને દેવોપમ જમાઇ પણ મળશે. તમે તમારો મરવાનો વિચાર છોડી દો.'

આ ક્રમમાં તેણે વિદ્યાપુરના ખેડૂત સિંહને પણ દિલાસો આપ્યો–

'તમારી પહેલી પત્ની તમારા વૈભવને જોઇને તમારી પાસે પાછી આવી જશે. કારણ કે હું તમને એક કુળવાન કન્યા અને આઠ ગામ રાજા પાસેથી અપાવીશ.'

અંતમાં, રાજકુમાર વિક્રમચરિત્ર પણ પ્રાણ ત્યાગવા ગિરનાર પર્વત પર આવ્યા તો તેને પણ આનંદકુમારે મરવાનું કારણ પૂછ્યું. વિક્રમચરિત્રની બધી દુઃખ-કથા સાંભળ્યા પછી આનંદકુમારે કહ્યું—

'તમે શોકને છોડો. જો તમને માનભંગ થવાનું દુઃખ હોય તો અને એમ વિચારતા હોય કે શુભમતીને મેળવ્યા વગર તમારા પિતાજીને મોં નહીં બતાવી શકો તો થોડા દિવસ રાહ જુઓ. તમને શુભમતી મળી જશે.'

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વિક્રમચરિત્રને શી ખબર હતી કે મને આશ્વાસન દેવા વાળો આનંદકુમાર જ મારી પ્રિયા શુભમતી છે.

વિક્રમચરિત્ર પણ એક જગ્યાએ રોકાઇ ગયો. પોતાના હેતુમાં સફળ થયેલા આનંદકુમાર રાજા કુંભના દરબારમાં પહોંચી ગયો. અને શ્રીપુરના રાજકુમાર ધર્મધ્વજ, વલ્લભીપુરનાં રાજા-રાણી મહાબલ તથા વીરમતી, વિદ્યાપુરનો ખેડૂત સિંહ તથા અવંતીકુમાર વિક્રમચરિત્રને રાજદરબારમાં બોલાવ્યો.

પછી ધર્મધ્વજનું લગ્ન રાજકુમારી રુપશ્રી સાથે કરાવ્યું તથા આઠ ગામના દહેજ સાથે સિંહ ખેડૂતનું લગ્ન એક ખેડૂત કન્યા સાથે કરાવ્યું. બંને વ્યકિત પોત-પોતાની પ્રિયાઓ સાથે પોત-પોતાની જગ્યાએ ગઇ. તે પછી આનંદકુમારે પોતાના પિતા મહાબલને કહ્યું-

'હે રાજન ! જો તમે તમારી કન્યાનાં લગ્ન અવંતીના રાજકુમાર વિક્રમચરિત્ર સાથે કરો તો હું અત્યારે જ તમારી પુત્રી શુભમતીને પણ બોલાવું.'

રાજા મહાબલે આનંદકુમારને કહ્યું—

'હે મહાભાગ ! હું તો મારી બેટીનાં લગ્ન વિક્રમ-ચરિત્ર સાથે જ કરવા માગતો હતો. પણ મારો મંત્રી ધર્મધ્વજ સાથે લગ્ન પાકું કરી આવ્યો હતો, તથી હું લાચાર હતો. હવે ધર્મધ્વજનું લગ્ન થઈ જ ચૂકયું છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તમે મારી પુત્રીનો મેળાપ કરાવી આપો. વિક્રમચરિત્ર જેવા જમાઈને મેળવવો એ તો મારું સૌભાગ્ય હશે.'

રાજા મહાબલની ઇચ્છા જાણીને આનંદકુમાર અંદર એક ઓરડામાં ગયો અને ચંદ્રવલ્લી રસમાં ભેળવલી ભારંડ પક્ષીના મળની બનેલી ગોટીનું અંજન આખમાં લગાવાને કારણે પોતાના શુભમતી રૂપમાં આવી ગયો. રાજકન્યા શુભમતી પોતાનાં માતા-પિતાને મળી. રાજા મહાબલ અને રાણી વીરમતી પોતાની બેટીને મેળવીને અત્યંત ખુશ થયાં. વિક્રમચરિત્રના આનંદનો પણ પાર નહોતો.

ધામધૂમથી વિક્રમચરિત્ર અને રાજકુમારી શુભમતીનાં લગ્ન થયાં. તે પછી રાજકુમારી શુભમતીએ પોતાનાં માતા-પિતા તથા પતિ વિક્રમચરિત્રને પોતાનું હરણ થયું ત્યાંથી શરૂ કરીને મિલન સુધીનો અહેવાલ સંભળાવ્યો.

શુભમતીએ વામનસ્થળી નગરની માળણને ત્યાંથી મનોવેગ ઘોડો મંગાવ્યો અને રાજા કુંભ પાસે માળણને ખૂબ ધન અપાવ્યું. રાજા કુંભે ઘણું બધું ધન તથા હાથી ઘોડા આપીને રાજા મહાબલ અને શુભમતી વિક્રમચરિત્રને વિદાય કર્યા.

પોતાના જમાઈ તથા પુત્રીને લઈને મહાબલ પોતાના નગર વલ્લભીપુર પહોંચ્યો અને ત્યાં એક ઘણો મોટો લગ્નોત્સવ કર્યો.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

થોડા દિવસ સાસરીમાં રહ્યા પછી ઘણા બધા હાથી-ઘોડા તથા રથ આદિ સહિત પોતાની પત્ની શુભમતીને લઈને તે અવંતી જવા રવાના થઇ ગયો.

જ્યારે અવંતી થોડું દૂર હતું ત્યારે વિક્રમચરિત્રને અવંતીથી આવતો એક મુસાફર મળ્યો. વિક્રમચરિત્રે એ મુસાફરને અવંતીના સમાચાર પૂછયા તો તે કુમાર વિક્રમચરિત્રને અવંતીના અત્યંત દુઃખદાયી સમાચાર સંભળાવવા લાગ્યો.

(અનુસંધાન માટે જુઓ 'ભાગ્યપરીક્ષા')

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust